


"નગારા વાગવા માંડ્યા સાહેબ..!"

"શાના નગારાની વાત કરો છો..? કોના નગારા વગડાવો છો..?"

"ચૂંટણીના નગારા... વિધાનસભાની ચૂંટણી આવી નહી..! તંત્ર દ્વારા ઈવીએમ મશીનનુ ચેકીંગ આરંભાયું અને ભાજપ-કોંગ્રેસની બેઠકોનો ધમધમાટ શરૂ થયો."

"સમય સમયનુ કામ કરે ભાઈ. પાંચ વર્ષ થાય એટલે ચૂંટણી તો આવે ને, પણ તમે કેમ આટલા બધા હરખઘેલા છો..?"

"આ વખતે જુઓ તો ખરાં, રંગ જામશે રંગ... અને અમે જીતી જઈશુ."

"ઓ હો હો..! એક રાજ્યસભાની બેઠક જીત્યા એમાં તો આટલા બધા હવામાં આવી ગયા..!"

"હવામાં નહી સાહેબ, હવામાં નહીં, ધરતી પર છીએ ધરતી પર... અને આ નક્કર વાસ્તવિકતા છે, જે સમયે જ ખબર પડશે..."

"... ભાઈ માપમાં રહો માપમાં... ધોળા દિવસે સપના જોવાનું બંધ રાખો તો સારૂ..."

"સપના તો તમે ૧૫૦+ના રાખો છો. અમે તો સાવ વ્યાજબી વાત કરીએ છીએ કે ગુજરાતની પ્રજા પરિવર્તન ઈચ્છે છે..."

"... એટલે અમારો વિકાસ કોઈને દેખાતો નથી એમ કહેવુ છે તમારે. પ્રજાને તો દેખાય છે, તમને ન દેખાય તો કંઈ નહીં. તમને આંખે મોતીયા આવ્યા છે... પ્રજાને ઓછા આવ્યા છે."

"હજુ જોજોને ડિસેમ્બરમાં... મોતિયા કોના આવ્યા છે ને કોના ઉતરાયા છે. તમને પેલાં બે દિલ્હીના મોટા સાહેબો બે ચીંગમ આપી જાય એટલે તમે ચગળ્યાં કરો... અને બધુ છોડીને જય જયકારમાં લાગી જાવ છો, પણ પ્રજા થાકી છે..."

"... હા હા એ જ હું કહું છુ. પ્રજા થાકી છે તમારા લવારા સાંભળીને. બે દાયકાથી ગુજરાતની પ્રગતિથી પ્રજા પરિચિત છે. કોઈને કંઈ કહેવાની જરૂર નથી. સૌને ખબર છે કોણે શું કર્યુ અને કેવું કર્યુ..?"

"હા સાહેબ હા... પ્રજા થાકી છે રાજકારણની ભવાઈ જોઈને. પ્રજા થાકી છે ખોટા તમાશા અને નાટકો જોઈને. પ્રજા કંટાળી છે ભ્રામક વાતો સાંભળીને... અને પ્રજા તંગ આવી ગઈ છે કારણ વગરની રાજકીય હુંસા-તુસીથી... પ્રજાને જોઈએ છે કલ્યાણની રાજનીતિ... પ્રજાને જોઈએ છે વિકાસની રાજનીતિ. સૌએ આત્મચિંતન કરવું પડશે..."

- નિમિત્ત માત્ર

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૧૦ કેસ

## ઓગષ્ટ માસમાં જ ૫૦થી વધુ કેસ સામે આવ્યા : ટીંટોડા, વલાદ, કલોલ શહેરમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફલુના વધુ ૧૦ કેસ નોંધાતાં પોઝીટીવ દર્દીઓની સંખ્યા વધીને ૬૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૩, કલોલ તાલુકામાં ૬ કેસ અને માણસામાં ૧ કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાં સ્વાઈન ફલુ પોઝીટીવ કેસોની સંખ્યા ૨૧ પર પહોંચી છે. આજે નોંધાયેલ કેસોમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે કલોલના ૪ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ શહેરમાંથી ત્રણ દર્દી મળી આવ્યા છે જ્યારે સઈજ અને હાજીપુર પ્રા.આ.કેન્દ્રના વિસ્તારમાંથી એક-એક કેસ મળી આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના ટીંટોડા અને વલાદમાંથી એક-એક કેસ મળી આવેલ છે. જ્યારે એક કેસ નાના ચિલોડા વિસ્તારમાંથી મળ્યો છે પણ તેનુ રહેઠાણ અમદાવાદ કોર્પોરેશન હદમાં આવે છે.

આ ઉપરાંત માણસા તાલુકામાંથી પણ એક કેસ મળી આવેલ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને પગલે આરોગ્યતંત્રના અધિકારીઓ સતત દોડધામ કરતા નજરે પડી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે હાલ જિલ્લાના ૨૮ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૨૬ દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

જિલ્લામાં તાલુકાવાર જોઈએ તો ગાંધીનગરમાં ૨૯ કેસ નોંધાયા છે. કલોલમાં ૨૧ કેસ, માણસામાં ૬ કેસ અને દહેગામમાં ૯ કેસ નોંધાયા છે.

જિલ્લામાં ઓગષ્ટ માસમાં જ સૌથી વધુ કેસ સામે આવ્યા છે. આ માસમાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ કેસ સામે આવ્યા છે.

# મનપાની સામાન્ય સભામાં હોબાળો

## કોંગ્રેસના ઉગ્ર વિરોધના પગલે આખરે સભા બરખાસ્ત : સ્થાયી સમિતિના ચેરમેન સામે પણ સંકલન સમિતિ બનાવાની વાત પણ મેયરે ટાળી દિધી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં આજે મુદ્દા પસાર થઈ જતા મેયરે સભા મુલ્તવી રાખવાની ફરજ પાડી હતી. આ તબક્કે કોંગ્રેસે ફાયરબ્રિગેડના



ડ્રાઈવરની પ્રતિનિયુક્તિ મુદ્દો પણ ઉઠાવતા શાસક પક્ષે ચુપકીદી સેવી હતી.

કોર્પોરેશનની આજે મળેલી સામાન્ય સભામાં કોંગ્રેસના સભ્યો આક્રમક મુડમાં રહયા હતા. સભાની શરૂઆતથી જ ઉગ્ર બનેલા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ સ્થાયી

કોંગ્રેસના સભ્યો સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પર થયેલા આક્ષેપો સંદર્ભે સંકલન સમિતિ બનાવવા ઉપરાંત કોર્પોરેટરોની ગ્રાન્ટ વપરાતી ન હોવાના મુદ્દે આક્રમક બન્યા હતા. જયારે બે

ચેરમેન સામે થયેલા આક્ષેપો અંગે તપાસ સમિતિ બનાવાની માંગ કરી હતી. જયારે આ મામલે શુ થયુ તે અંગેની પૃચ્છા સંદર્ભે મેયરે બનાસકાંઠાના પુરનુ કારણ આપી સમિતિ ન બનાવી હોવાનુ જણાંવતા કોંગ્રેસના કોર્પોરેટરો ઉશ્કેરાયા હતા. જયારે કર્મચારીઓને વારંવાર સ્થાયી સમિતિના ચેરમેન દ્વારા કાઢી મુકવાની ધમકી આપવામાં આવતી હોવાના મુદ્દે પણ કોંગ્રેસે વિરોધ વ્યક્ત કર્યો હતો. જયારે આ દરમિયાન સભામાં બે મુદ્દા પસાર કરવામાં આવ્યા હતા. જેમાં પબ્લિક હેલ્થ બાયલોઝમાં કોંગ્રેસે સહમતી દર્શાવી હતી જયારે દરખાસ્ત પણ સર્વાનુમતે પસાર થઈ હતી. જયારે સુરતથી ફાયરબ્રિગેડના ડ્રાઈવરને પ્રતિનિયુક્તિ પર લાવવાના મુદ્દે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો હતો. જયારે કોર્પોરેટર અંકિત બારોટ આ મામલે સભામાં બોલી રહયા હતા તે દરમિયાન જ સ્થાયી ચેરમેન સભા બરખાસ્ત થઈ હોવાનુ જણાંવી નિકળી ગયા હતા. જેથી મેયરે પણ સભાને બરખાસ્ત કરી હતી. સભાના અંતે કોંગ્રેસે જણાંવ્યુ હતુ કે સામાન્ય સભામાં નિતી નિયમો જળવાતા નથી અને પ્રજાના પ્રશ્નોની ચર્ચા અંગે પણ પુરતો સમય આપવામાં આવતા નથી.

# પાટનગરના સરકારી આવાસોનો સર્વે કરાશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરમાં સરકારી આવાસોના મામલે અગાઉ પણ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે શહેરમાં વિવિધ કક્ષાના ૪૦૦ જેટલા આવાસો જોખમી હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા આ આવાસો તોડી નાંખવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે હજુ પણ સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા તેમજ બિસ્માર અને જોખમી આવાસોને દુર કરવા માટે તંત્ર દ્વારા આગામી દિવસોમાં સર્વે હાથ ધરાશે જેના અંતે શહેરમાં એક પણ જોખમી આવાસોનુ અસ્તિત્વ ન રહે તે માટે ભયજનક મકાનોનો નિકાલ કરવા માટે પ્રક્રીયા હાથ ધરાશે. હાલ જોખમી મકાનો તોડી નાંખવા માટે ઝડપી કાર્યવાહી હાથ ધરવા માટે પણ ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ચાર દાયકાથી વધુ સમયથી સરકારી આવાસોનુ અસ્તિત્વ છે. જયારે જુદા જુદા સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અગાઉ દાયકા પુર્વે નિકાલ હેઠળ જાહેર કરાયેલા ૧૯૦૪ જેટલા આવાસો તોડી નાંખવા માટેનો નિર્ણય લેવાયા બાદ હાલ શહેરમાં કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. સેકટરોમાં નવી ટાવર કોલોની બાંધવામાં આવી રહી છે. ત્યારે હજુ પણ નવા મકાનો બાંધવા માટે સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ ચાલી રહી છે. પરંતુ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો હજુ પણ જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે.ગત વર્ષોમાં થયેલા સર્વેના અંતે સેકટરોમાં ૪૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા તબક્કાવાર મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. પરંતુ આવાસોના અભ્યાસના અંતે સતત ભયજનક મકાનો ધ્યાને આવતા મકાનો તોડવાનુ કામ તંત્ર દ્વારા તબક્કાવાર મંજુરીના અંતે હાથ ધરવામાં આવી રહયુ છે. અગાઉના સર્વેના અંતે માલુમ પડેલા ૪૦૦ જેટલા આવાસોને તોડી નાંખવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી લેવામાં આવી છે.

# પ્રફુલ્લ પટેલે મને ભાજપને મત આપવા કહ્યું હતુ : છોટુ વસાવા

ગાંધીનગર,તા.૧૯

૮ ઓગસ્ટે યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં જનતા દળ યુનાઈટેડના નેતા છોટુભાઈ વસાવાએ કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલને વોટ આપતા સમગ્ર રાજકારણમાં મોટો વળાંક આવ્યો હતો અને કોંગ્રેસે પાતળી બહુમતીથી બીજેપીના બળવંત રાજપૂતને હરાવી દીધા હતા. છોટુભાઈ વસાવાનો મત આ ચૂંટણીમાં

● અનુસંધાન પાન-૭ પર

# આરોગ્યતંત્રનો અસરકારક મોનીટરીંગ માટે કલેક્ટરની તાકીદ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને ધ્યાને રાખી મોનીટરીંગની કામગીરીને વધુ સઘન બનાવવા માટે આરોગ્યતંત્રના અધિકારીઓને જિલ્લા કલેક્ટરે કડક તાકીદ કરી છે.

ગઈકાલે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી તેમજ આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં બપોર સુધી પરીક્ષણમાં પોઝીટીવ જણાયેલ કેસોની જાણકારી તમામ બ્લોક હેલ્થ ઓફિસરોને ટેલિફોન કરી આપવા માટે તાકીદ કરવામાં આવી હતી એટલુ જ નહિ મળી આવેલ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં અને જે તે ગામમાં પણ સર્વેલન્સ સઘન રીતે થાય તે માટે પણ તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં દરેક પ્રા. આ. કેન્દ્ર ખાતે દવાનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તેમજ ઓક્સીજનના બોટલ પણ ઉપલબ્ધ રહે તે જોવા જણાવાયુ હતુ. વાહકજન્ય રોગચાળા અંગેની પણ જાગૃતિ પર ભાર મુકવામાં આવે તેવી ટકોર કરી કલેક્ટરે જન જાગૃતિ અભિયાન શાળા કક્ષાએ પણ થાય તે જોવા જણાવ્યું હતું. તેમણે જિલ્લામાં સર્વેલન્સ માટે વધુ સઘન કામગીરી પર ભાર મુક્યો હતો.

# આવતીકાલથી ટાઉનહોલ એક મહીના માટે બંધ રહેશે

## એ સી પ્લાન્ટનુ રીપેરીંગ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરનો ટાઉનહોલ આગામી એક મહીના માટે બંધ રહેશે. ટાઉનહોલના રીનોવેશનની યોજના ખોરંભે પડી છે.ત્યારે મરણપથારીએ પડેલા હોલનુ



એ સી પણ કામ કરતુ નથી. જેના લીધે ત્વરિત અસરથી હોલના ત્રણ એ સી પ્લાન્ટનુ સમારકામ હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આગામી તા ૨૧ ઓગષ્ટથી ૨૦ સપ્ટેમ્બર સુધી ટાઉનહોલ બંધ રહેશે. જયારે એક મહીનાના સમયગાળામાં કામ પુર્ણ થયા બાદ હોલને ભાડાપેટે ફાળવવામાં આવશે. હાલ ટાઉનહોલનુ બુકીંગ આપવાનુ પણ બંધ કરી દેવાયુ છે.

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ છેલ્લા ત્રણ વર્ષથી ગોથે ચઢયો છે. ટાઉનહોલના રીનોવેશન માટે ગત બજેટમાં રૂ ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ ટાઉનહોલને નવા રૂપ રંગ આપવાની યોજના કાગળ પર પણ આખરી થઈ શકી નથી. જયારે ટાઉનહોલમાં ખાડે ગયેલી સ્ટેજ સુવિધા સાથે લાઈટ તેમજ એર કુલીંગ સિસ્ટમના લીધે શ્રોતાગણ અને કાર્યક્રમના આયોજકો પણ ગળે આવી ગયા છે. ટાઉનહોલના રીનોવેશન પ્રોજેકટ અન્વયે હજુ સુધી ડિઝાઈન તેમજ નકશો તૈયાર થયો નથી. જયારે હોલના એ સી પ્લાન્ટ પણ ખામીયુક્ત હોવાના લીધે ગમે ત્યારે કુલીંગ બંધ થતા શ્રોતાઓ બફારાના લીધે અકળામણ અનુભવી રહયા છે. આવા સંજોગોમાં હોલના રીનોવેશન કામને હજુ સમય લાગે તેમ છે. ત્યારે ટાઉનહોલના એ સી પ્લાન્ટનુ સમારકામ હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આગામી સપ્તાહમાં એ સી પ્લાન્ટનુ સમારકામ હાથ ધરાય તેવી સંભાવના છે. ત્યારે હાલ ટાઉનહોલનુ બુકીંગ લેવાનુ બંધ કરી દેવાયુ છે. આગામી તા ૨૧ ઓગષ્ટથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ટાઉનહોલ બંધ રહેશે. અલબત્ત હોલમાં કાર્યક્રમના આયોજન માટે પણ બુકીંગ આપવામાં આવતુ નથી.

# ખરીફ વાવણીમાં વ્યસ્ત બનેલા જિલ્લાના ખેડૂતો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુની વાવણી તેના છેલ્લા તબક્કામાં પ્રવેશી છે અને છેલ્લા તબક્કામાં દિવેલા તેમજ શાકભાજીના પાકોના વાવેતરમાં ગતિ આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮૭,૫૬૮ હેકટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ચુક્યુ છે. જેમાં દિવેલાનું વાવેતર ૧૦૦૪૦ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૫૮૮૭ હેક્ટરમાં, શાકભાજીના પાકોનુંવાવેતર ૮૮૨૬ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૮૫૧ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૧૮૭ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૧૨૫૪ હેક્ટરમાં અને ડાંગરનું વાવેતર ૭૪૪૬ હેક્ટરમાં નોંધાયુ છે.


જિલ્લામાં પશુધન માટે ૨૧૮૭૪ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થવા પામ્યુ છે. આ વાવેતરમાં હજુ વધુ વધારો જોવા મળશે તેમ જાણવા મળી રહ્યુ છે.

## દિવેલા અને શાકભાજીના વાવેતરમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળશે : ડાંગર તેમજ કઠોળ પાકોનું પણ વાવેતર વધ્યુ

જિલ્લામાં આ વખતે કઠોળ પાકોના વાવેતરમાં પણ સારો એવો વધારો થયેલો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં જે રીતે વરાપ નીકળ્યો છે તે જોતાં દિવેલાના પાકનું વાવેતર લગભગ ૨૦ હજાર હેક્ટરને પાર કરી જશે તેમ મનાઈ રહ્યુ છે.

ખરીફ ઋતુનું વાવેતર સામાન્યતઃ સપ્ટેમ્બરની મધ્ય સુધી ચાલતુ હોય છે. આ વખતે સમયસરના સારા વરસાદને પગલે ખેડૂતોમાં વાવેતરને લઈ સારો ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે.

## વિસનગરા નાગર બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **નરેન્દ્રકુમાર વિષ્ણુપ્રસાદ જહા (નારદીપુર)** (નિવૃત્ત શિક્ષક - નૂતન ફેલોશીપ હાઈસ્કૂલ)નું દુઃખદ અવસાન તા. ૧૬/૮/૨૦૧૭ને બુધવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૦/૮/૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯.૦૦થી ૧૧.૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કામેશ્વર હોલ, કામેશ્વર મહાદેવ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ**

| | |
|---|---|
| ક્ષમા હરકાન્ત જહા (પુત્રવધુ) | હરકાન્ત નરેન્દ્રકુમાર જહા (પુત્ર) |
| રીટા પરેશ જહા (પુત્રવધુ) | પરેશ નરેન્દ્રકુમાર જહા (પુત્ર) |
| તૃષા ઉદયન જહા (પુત્રવધુ) | ઉદયન નરેન્દ્રકુમાર જહા (પુત્ર) |
| અલકા અજયકુમાર દેસાઈ (પુત્રી) | અજયકુમાર સત્યેન્દ્રપ્રસાદ દેસાઈ (જમાઈ) |

**સ્વ. વિષ્ણુપ્રસાદ જહા પરિવાર**

અમારા જમાઈનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**- સ્વ. વિઠ્ઠલરાય મોતીરાય પંડિત પરિવાર (નારદીપુર)**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com